અપીલ અરજી નં.૩૮ તા.૨૫–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નિલેશભાઈ ઈશ્વરભાઈ પટેલ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન
ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ.(માર્કેટ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિલેશભાઈ ઈશ્વરભાઈ પટેલની તા.૫–૩–૧૧ની અરજીથી (૧) શહેરી વિકાસ ખાતામાં કેટલા અધિકારી છે તેના નામ અને મોબાઈલ નંબર અને કયા કયા વિસ્તાર સોંપવામાં આવેલ છે તે અંગેની માહિતી. (૨) શહેરી વિકાસ ખાતામાં એક હોદ્દા પર કેટલા વર્ષ ફરજ બજાવી શકે છે તે અંગેની માહિતી આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૪–૧૧ ની **SMC/FAP/** નં.૩૮/૨૦૧૧–૧૨

શ્રી નિલેશભાઈ ઈશ્વરભાઈ પટેલની તા.૫–૩–૧૧ની અરજીથી (૧) શહેરી વિકાસ ખાતામાં કેટલા અધિકારી છે તેના નામ અને મોબાઈલ નંબર અને કયા કયા વિસ્તાર સોંપવામાં આવેલ છે તે અંગેની માહિતી. (૨) શહેરી વિકાસ ખાતામાં એક હોદ્દા પર કેટલા વર્ષ ફરજ બજાવી શકે છે તે અંગેની માહિતી આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતિ આપવા બાબત. નિયત સમયઅવધિમાં કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનના પત્ર નં.૯૯ તા.૮–૪–૧૧ થી મુદ્દા નં. ૪ અને ૫ અંગે જાહેર માહિતી અધિકારી મહેકમને તબદીલ કર્યાનું જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૩ તા.૨–૫–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા અરજદારને અપીલ અરજીમાં આપને મળેલ માહિતી મુદ્દા નં.૪ થી ૭ તથા ૯ અધૂરી હોવાના દાવા અંગે આધારસહ સ્પષ્ટ કરવા તથા મુદ્દા નં.૪ અને ૫ અંગે તબદીલ થયેલ મહેકમ ખાતાના જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ માહિતી મળેલ હોય તો તેની વિગતસહ નારાજગીની વિગતો પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ કક્ષાએથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૩૧ તા.૬–૫–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/લીંબાયત/૯૯ તા.૮–૪–૧૧ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ અને ડે.કમિ.(હેઅનેહો) આરોગ્યને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/૨૦૮ તા.૨૫–૪–૧૧ ના પત્રની નકલ, લુહાર વિનોદભાઈની અરજી ફોર્મની નકલ , ડીપ્લો. માં સીવીલ એન્જી. નું સર્ટીફીકેટ તથા માર્કશીટની નકલ, ડીગ્રી એન્જી. સીવીલનું સર્ટીફીકેટ તથા માર્કશીટની નકલ , લીવીંગ સર્ટીફીકેટની નકલ, તથા પાર્ટ ટાઈમ જોબ અંગેનું સર્ટીફીકેટની નકલ, સુરત મ્યુ. કોર્પો.માં કોન્ટ્રાકટ બેઈઝ સર્વીસ પીરીયડનું સર્ટીફીકેટની નકલ, રણજીત કન્ટ્રકશનનું જુની. ઈજનેર અંગેનું સર્ટીફીકેટની નકલ રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૫૪૭ તા.૧૭–૫–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, લીંબાયતઝોન તરફથી મુદ્દા નં.૪ અને ૫ માટે મધ્યસ્ણ મહેકમ તથા મુદ્દા નં.૧૦ માટે ડે.કમિ.(હેઅનેહો)ને તબદીલ કર્યા અંગેના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૯ તા.૮–૪–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૩૦ તા.૧૧–૪–૧૧ ના પત્રની નકલ તેમજ ડે.કમિ.(હેઅને હો) તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.પીએચડી/માર્કેટ/૫૦ તા.૧૫–૪–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૭–૫–૧૧ ના પત્રની નકલ મળેલ છે જેમાં અરજદારે મહેકમ વિભાગને આપેલી માહિતીની વિગતો રજૂ કરેલ છે. જેમાં અરજદારે મુદ્દાસર અધૂરી માહિતી અંગે અપીલમાં જણાવેલ છે તેવું પૂરક વિગતોમાં જણાવેલ છે.

અરજદારની તા.૫–૩–૧૧ ની અરજીથી શહેર વિકાસ વિભાગની તેમજ કર્મચારીની અને ફુટપાથ ઉપરના મંડપો તથા શાકભાજી માર્કેટ વિગેરેની મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે લીંબાયતઝોન તરફથી મુદ્દા નં.૪ અને ૫ માટે પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ તથા મુદ્દા નં. ૧૦ અંગે ડે.કમિ.(હેઅનેહો) આરોગ્યને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાંયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/ મહેકમ/આ.નં.૧૩૦ તા.૧૧–૪–૧૧ થી મુદ્દા નં.૧ થી ૩ તથા ૬ થી ૯ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર

નં.જીએડી/ઈએસટી/૨૦૮ તા.૨૫–૪–૧૧ થી તથા જાહેર માહિતી અધિકારી આરોગ્ય માર્કેટ તરફથી પત્ર નં.પીએચડી/માર્કેટ/૫૦ તા.૧૫–૪–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અપીલનું કારણ માહિતી અધૂરી આપેલ છે તેવું જણાવી તા.૨૫–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) શહેરી વિકાસ ખાતામાં કેટલા અધિકારી છે તેના નામ અને મોબાઈલ નંબર અને કયા કયા વિસ્તાર સોંપવામાં આવેલ છે તે અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી શહેર વિકાસ વિભાગમાં ફરજ બજાવતાં ડે.ઈજનેર, આસી. ઈજનેર અને જુની. ઈજનેર ના નામ (૧)શ્રી જે.એલ. ભટ્ટ ડે.ઈજનેર ટીપી ૩૯,૪૦,૬૯ ગોડાદરા નવો વિસ્તાર મો. નં.૯૭૨૪૩ ૪૫૪૨૪ (૨) શ્રી એન.એલ. પટેલ ડે.ઈજનેર ટીપી ૩૩, ડુંભાલ, ટીપી ૬૧, પરવત ડીંડોલી, ટીપી ૬૨ મો. નં.૯૭૨૪૩ ૪૫૪૩૫ (૩) શ્રી સંદીપ કે. ઢીમ્મર આસી. ઈજનેર ટીપી ૬૯ ગોડાદરા મો. નં.૯૮૨૫૫ ૨૯૭૫૨ (૪) શ્રી વિનોલ પી. લુહાર આસી. ઈજનેર ટીપી ૪૧ ડીંડોલી મો. નં.૯૮૨૫૩ ૧૪૩૯૫ (૫) શ્રી યોગશે એમ. પટેલ જુની. ઈજનેર, આંજણા ભાડેના ઉમરવાડા મો. નં.૯૮૨૫૧ ૫૦૯૨૭ (૬) શ્રી આર.વી. ઠક્કર જુની. ઈજનેર આંજણા ભાડેના ઉમરવાડા મો. નં.૯૯૦૯૯ ૧૧૮૩૫ હોવાનું જણાવેલ છે. મુદ્દા નં.(૨) શહેરી વિકાસ ખાતામાં એક હોદ્દા પર કેટલા વર્ષ ફરજ બજાવી શકે છે તે અંગેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી શહેર વિકાસ ખાતામાં એક હોદ્દા પર કેટલા વર્ષથી ફરજ બજાવી શકે છે જે બાબત નીતિ વિષયક હોઈ તેમજ રેકર્ડ ઉપર કોઈ માહિતી ઉપલબ્ધ ન હોય આપી શકાય એમ નથી તેવું જણાવેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને (જે) મુજબ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે મુદ્દા નં.૩ હાલમાં શહેરી વિકાસ ખાતામાં જે તે અધિકારીશ્રીઓ છે તેઓને કેટલા વર્ષથી આ હોદ્દા પર છે અને તેઓશ્રીનો પગાર કેટલો છે તે અંગેની માહિતી આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી શહેર વિકાસમાં હાલમાં ફરજ બજાવતાં કર્મચારીના નામ ફરજ પર હાજર થયાની તારીખ અને પગારની વિગત (૧) જે.એલ. ભટ્ટ કર્મ નં.૫૩૬૧ તા.૨૮–૮–૦૮ થી પગાર રૂા.૫૮૦૫૩/– શહેર વિકાસ વિભાગ (લીંબાયતઝોન) (૨) શ્રી એન. એલ. પટેલ કર્મ નં.૧૩૭૫૩ તા.૧૬–૧–૦૯ થી પગાર રૂા.૫૧૪૧૨ શહેર વિકાસ વિભાગ (લીંબાયતઝોન) (૩) શ્રી સંદીપ કે. ઢીમ્મર
કર્મ નં.૩૬૨૩૨ તા.૩૦–૫–૦૭ થી પગાર રૂા. ૪૪૫૭૭ શહેર વિકાસ વિભાગ (લીંબાયતઝોન) (૪) શ્રી વિનોદ પી. લુહાર કર્મ નં.૩૬૪૮૫ તા.૨૨–૧–૦૯ થી પગાર રૂા. ૪૧૨૮૧ શહેર વિકાસ વિભાગ (લીંબાયતઝોન) (૫) શ્રી યોગેશ એમ. પટેલ કર્મ નં.૩૫૧૮૯ તા.૨૭–૯–૦૬ થી પગાર રૂા.૪૪૬૭૭ શહેર વિકાસ વિભાગ (લીંબાયતઝોન) (૬) શ્રી આર વી. ઠક્કર કર્મ નં.૧૦૭૯૪ તા.૨૮–૩–૧૧ થી પગાર રૂા. ૪૮૪૨૩ શહેર વિકાસ વિભાગ (લીંબાયતઝોન) તેવી માહિતી આપવામાં આવેલ છે. વધુમાં સદર માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ સુરત મ્યુ. કોર્પોરેશનની વેબસાઈટ WWW.suratmunicipal.gov.in પરથી પણ મેળવી શકાશે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) શહેરી વિકાસ ખાતા લીંબાયત ઝોનના અધિકારી શ્રી લુહારની સુરત મહાનગર સેવાસદનમાં ભરતી થયેલ ત્યારે જે દસ્તાવેજ રજુ કરેલ છે તેની સર્ટીફાઈડ નકલો આપવા મહેરબાની કરશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૦૮ તા.૨૫–૪–૧૧ થી શ્રી વિનોદ લુહારે મ્યુ. કોર્પોરેશનમાં આસી. એન્જી. સીવીલ તરીકે નોકરી મેળવવા કરેલી અરજીના ફોર્મ તથા તે સાથે રજૂ કરેલ પ્રમાણપત્રોની નકલો અરજદારને પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે જે અત્રે રજૂ પણ કરેલ છે. મુદ્દા નં. (૫) શહેરી વિકાસ ખાતા લીંબાયતઝોનના અધિકારી શ્રી વિનોદ લુહારની કેટલી મિલ્કત છે તે અંગેની માહિતી પુરાવા સાથે આપવા મહેરબાની કરશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી શહેર વિકાસ ખાતાના લીંબાયતઝોનના અધિકારી શ્રી વિનોદ લુહારની મિલ્કત અંગેની માહિતી મધ્યસ્થ મહેકમના રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૬) કેટલા માળનું મકાન બનાવીએ તો શહેરી વિકાસમાંથી પરમીશન લેવાની જરૂર હોય છે અંગેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોન તરફથી કોઈ પણ બાંધકામની પ્રવૃતિ માટે જે તે સક્ષમ સત્તાધીશમાંથી પરવાનગી લેવી જરૂરી બને છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૭) સર્વે નં.૨૬૪ ગાંધીનગર–૩, ડીંડોલી પ્લોટ નં.૫/એ આવો કોઈ પ્લોટ કે બાંધકામ વાળી જગ્યા શહેરી વિકાસ ખાતાના પ્લાનમાં છે કે કેમ? તે અંગેની માહિતી આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોન તરફથી ગાંધીનગર–૩ ડીંડોલી વિસ્તારમાં કોઈ સક્ષમ સત્તાધીશ ધ્વારા મંજુર કરેલ પ્લાન લીબાંયતઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી એવું જણાવેલ છે. મુદ્દા નં. (૮) જો કોઈ દુકાનની સામે ફુટપાટ પર મંડપ કે સ્ટેજ બાંધે તો તેની પરવાનગી લેવી પડે કે કેમ? તે અંગેની માહિતી આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોન તરફથી જો કોઈ ફુટપાથ પર બનાવવામાં આવતાં મંડપ કે સ્ટેજની પરવાનગી લેવી જરૂરી બને છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૯) સુભાષનગર ગલી નં.૩ અને ૪ ની વચ્ચે ગટર ગલીના નાકા પર શાકભાજી માર્કેટમાં ગલીમાં જવાના રસ્તા પર મસાલાવાળાને તંબુ બાંધવાની મંજુરી આપેલ છે કે કેમ? તે અંગેની માહિતી આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોન તરફથી સુચવ્યા મુજબના સ્થળ ઉપર તંબુ બાંધવાની કોઈ મંજુર આપેલ હોવાનું રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૧૦) મદનપુરા શાક માર્કેટમાં રાત્રી દરમ્યાન શાકભાજીવાળા શાકભાજીના પોટલા મુકીને કે તંબુ બાંધવાની કોઈ મંજુરી આપવામાં આવેલ છે કે કેમ? તે અંગેની માહિતી આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય માર્કેટ તરફથી પત્ર નં.પીએચડી/માર્કેટ/૫૦ તા.૧૫–૪–૧૧ થી મદનપુરા શાક માર્કેટમાં રાત્રી દરમ્યાન શાકભાજીવાળાઓને શાકભાજીના પોટલા મુકવા કે ફાળવેલ સ્ટોલ ઉપર તંબુ બાંધવાની કોઈ મંજુરી આરોગ્ય માર્કેટ તરફથી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. આમ અરજદારને લાગત જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ થી ૧૦ ની

માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલમાં અરજી સાદર જેમાં માહિતી અધૂરી આપેલ હોવાની રજૂઆત કરેલ છે. જે બાબતે અપીલ તબકકે અરજદારને અત્રેથી આરટીઆઈ સેલ/૧૩૩ તા.૨–૫–૧૧ થી અધૂરી માહિતી ના દાવા સ્પષ્ટ કરવા જણાવેલ. જેમાં અરજદારે અપીલમાં સ્પષ્ટ જણાવેલ તેવું જણાવેલ છે પરંતુ તેમાં નહીં જણાવવાથી પત્ર પાઠવેલ તેમ છતાં અરજદારે આપેલ પૂરક માહિતીમાં મુદ્દા નં.૪ ની માહિતી આપેલ છે પરંતુ મુદ્દા નં.૫ ની માહિતી આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે પરંતુ જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૫ ની માહિતીમાં લીબાંયતઝોનના અધિકારી શ્રી વિનોદ લુહારની મિલ્કત અંગે માહિતી મધ્યસ્થ મહેકમમાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. આમ અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,

(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ,ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધયસ્થ મહેકમ, ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (માર્કેટ)....જાણ તથા અમલ માટે .

(૨) શ્રી નિલેશ ઈશ્વરભાઈ પટેલ,